* J G - 1 6 0 1 0 1 0 1 0 1 0 6 2 2 0 1 *

**JG-1601010101062201** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) (W.E.F. 2016) Examination

**August – 2019**

## Gujarati : Paper - XXII

*(અપઠિત) (Apathit) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે, બધા જ પ્રશ્નો **ફરજિયાત** છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ **સરખા** છે, જે પ્રશ્નની **જમણી** બાજુ દર્શાવ્યા છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **૧૪**

તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માંડને પોષી રહી તે દૃષ્ટિ અહીં એ છે નકી.

તુજ ઉદરપોષણમાં તને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કૈં શ્રમ વિના દેખાડતું.

વળી કોઈ કન્યા પાતળી તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોડી તને ત્યાં હર્ષથી ચળકાવતી.

વળી કોઈ વિસ્મય સ્મિતભરી તુજ તેજ માત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી.

અદૃશ્ય ના ધનથી બને ના ધૂમસે મેલું થતું,
તુજ તેજ તે મુજ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું.

મમ પ્યારીના ફૂલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઉંઘતાં,
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં.

તું જાગજે તું ખેલજે ને પત્રો પત્રો મ્હાલજે,
ચળકાટ તારો એજ પણ તુજ ખૂનની તલવાર છે.

તું કેમ એ માની શકે આધાર તારો એજ છે,
એ જાળ તું જાણે નહીં હું જાણું ને રોઉં અરે.

રે પક્ષી કોની દૃષ્ટિએ તું એજ ચળકાટ પડે,
સંતાઈ જાતાં નાસતાં એ કાર્ય વૈરીનું કરે.

દ્યુતિ જે તને જીવાડતી દ્યુતિ તે તને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી.

આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિન્દુ ભર્યાં વિધિએ નથી.

અમ એજ જીવિત એજ મૃત્યુ એજ અશ્રુ ને અમી,
જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી.

**- કલાપી**

**અથવા**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના

મલયાનિલોની પીંછીં ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના

ઉડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના

ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના

**- મનોજ ખંડેરિયા**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

કવિતામાં સત્ય અને આનંદનું હોવું અનિવાર્ય છે, એનો અર્થ એ નથી કે કવિતામાં સત્યને સ્થાન નથી. કવિતા પણ એની પોતાની રીતે આ જગત અને જીવનને વ્યાપી રહેલા સત્યનું જ આકલન કરે છે. કલા માત્ર કોઈ ઉચ્ચતર ઊર્ધ્વતર સત્યનો આવિષ્કાર કરવાનો પ્રયત્ન કરે છે. પણ એ એની વિશિષ્ટ રીતે કરે છે. તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાન જે રીતે સત્યને પ્રગટ કરે છે તે રીત કવિતાની નથી. તત્ત્વજ્ઞાની અને વિજ્ઞાનની રીત પૃથક્કરણની છે. એ બુદ્ધિથી વસ્તુનું સત્ય ગ્રહણ કરે છે ને બુદ્ધિથી સમજાય તે રીતે તેને પ્રગટ કરે છે. સત્યનો પરિચય કરાવવા માટે તેમને એમનાં સિદ્ધાંતસદને પહોંચવાનું પ્રત્યેક પગથિયું બતાવી ખાતરી કરાવવી પડે છે. એમાં તમારી સમક્ષ હકીકતોનો ખડકલો કરવામાં આવતો નથી. કવિતાનું સત્ય કેવળ બુદ્ધિથી ગ્રહણ કરવાનું હોતું નથી. એ જે આનંદ સર્જે છે તે આનંદમાંથી સત્યનું સહજ જ્ઞાન આપણને થઈ જાય છે.

**- જયંત પાઠક**

**અથવા**

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહીં ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ તેઓની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક બાહ્ય અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. આથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં ઢાંકી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિમાં જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ એ વાત કબૂલ કરવી જ પડશે.

– રવીન્દ્રનાથ ટાગોર

૩ નીચેનો નિબંધ લખો : ૧૪

'સત્યમેવ જયતે' અથવા જીવનમાં સત્યનું સ્થાન.

**અથવા**

પરીક્ષામાં ભ્રષ્ટાચાર : શિક્ષણનું એક મોટું અનિષ્ટ.

૪ નીચેનો નિબંધ લખો : ૧૪

સાંપ્રત સમયમાં નારીઓની સમસ્યાઓ

**અથવા**

એક સુશિક્ષિત બેકારની આત્મકથા.

૫ નીચેના ચાર પૈકી કોઈ પણ **બે** પ્રશ્નોના જવાબ આપો : ૧૪

(૧) માનવ અને પ્રકૃતિ

(૨) મારો પ્રિય સર્જક / સાહિત્યકાર

(૩) ઈન્ટરનેટ : આશીર્વાદ કે અભિશાપ ?

(૪) સાહિત્ય અને સમાજ.

---